# જૂની પેન્શન યોજના માટે મેઘરજ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્યને આવેદન

મેઘરજ તા.૨૪

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની યોજાયેલ સંકલન બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ જૂની પેન્શન યોજના પુનઃ કરવા માટે સમગ્ર રાજ્યમાં સબંધિત ધારાસભ્ય શ્રી ને તાલુકા સંઘ દ્વારા આવેદન આપવામાં આવ્યા હતા. ૧/૪/૨૦૦૫ પહેલા નોકરી માં જોડાયેલા શિક્ષકો ને જૂની પેન્શન યોજનાનો લાભ મળે છે પરંતુ ત્યારબાદ નોકરીએ લાગેલા શિક્ષકોને જૂની પેન્શન યોજના ને બદલે નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડે



છે જે નિવૃત્તિ બાદ ખૂબ જ નુકસાનકારક છે નિવૃત્તિ બાદ મળતી રકમ થી શિક્ષક પોતાના પરિવાર સાથે ગુજરાત ચલાવવું ખૂબ જ કઠિન છે આ નવી પેન્શન યોજનાની બદલે તમામને જૂની પેન્શન યોજના નો લાભ આપવા માટે દરેક તાલુકાના ઘટક સંઘો દ્વારા ધારાસભ્ય ને આવેદનપત્ર આપી સરકાર સુધી પોતાની વાત પહોંચાડવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી. આવેદનપત્ર આપવા તાલુકા ઘટક સંઘના પ્રમુખ બાબુભાઈ ડામોર, મહામંત્રી જીગ્નેશ ભાઈ ગોર, ઉપપ્રમુખ ભીખાભાઈ પટેલ તથા હોદ્દેદારોએ હાજર રહી આવેદન પત્ર પાઠવ્યું હતું.

# મેઘરજ પી. એસ. આઈ. દ્વારા કરિયાણાના વેપારીને ખોટા કેશમાં ફસાવી દેવાની ધમકી અપાતા ડી.એસ.પી.ને રજૂઆત

**દુકાન આગળથી લારી હટાવવા વેપારીએ કરી હતી રજૂઆત : ન્યાય ના મળે તો પરિવાર સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**

મેઘરજ તા. ૨૪

મેઘરજમાં નવા બસ સ્ટેન્ડ વિસ્તારમાં કરિયાણાનો વેપાર ધંધો કરતા એક વેપારીએ પોતાની દુકાન આગળ ઉભી રહેલ લારી હટાવડાવા માટે મેઘરજ પોલિસ સ્ટેશને રજૂઆત કરી હતી. જે બાબતે મેઘરજ પી એસ આઈ પંચાલે વેપારી સાથે અણસાજતું વર્તન કર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

થોડા દિવસ અગાઉ જુના બસ સ્ટેન્ડ પાસે કરિયાણાની દુકાન ચલાવતા લક્ષ્મીલાલ કુમાવતે અરવલ્લી એસ પી ને કરેલ અરજી મુજબ પોતાની દુકાન આગળ ઉભી રહેતી લારી હટાવડાવા માટે મેઘરજ પોલીસને રજૂઆત કરી હતી ત્યારબાદ મેઘરજ પી એસ આઈ પંચાલએ વેપારીને પોલિસ સ્ટેશન બોલાવ્યા હતા અને વેપારીનું વાહન પણ પોલીસ સ્ટેશને લઈ ગયા હતા.અને પી એસ આઈ. એ વેપારીને ધમકી આપી હતી કે રોડ સરકારી છે ગમે તે આવે ને જાય. છાનોમાનો તારો ધંધો કર.રોજ સેના ડખા કરે છે.આજ પછી તારું વાહન તારી દુકાન આગળ મુકાતો નહિ અને લારી વાળાને હટાવતો નહિ અને જો હટાવ્યા છે તો ગમે તે કેશમાં ફસાવી દઈશ.અને પી એસ આઈ એ જાતે આવી લારી વાળાને દુકાન આગળ લાવી ઉભો કરી દીધો હતો.

લારી વાળાનો પક્ષ લઈ વેપારીનું વાહન પોલીસ સ્ટેશને મૂકી દંડ ભરાવ્યો હતો જે બાબતે પી એસ આઈ ની ધમકીથી ડરેલા વેપારીએ અરવલ્લી ડી એસ પી ને લેખિત રજૂઆત કરતાં તાલુકામાં ખળભળાટ મચી જવા પામી હતી.

# ૨,૩૩,૦૦૦નો ચેક બાઉન્સ થતા આરોપીને છ માસની સાદી કેદ તેમજ ૧૦ હજારનો દંડ

**ધનસુરાના ભુપેન્દ્રભાઈ પટેલની ફરિયાદના આધારે કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો**

ધનસુરા, તા. ૨૪

ધનસુરાના પટેલ ભુપેન્દ્રભાઈ એ આરોપી મુકેશભાઈ અમરતભાઈ બારોટ રહે.પુંસરી. તાલુકો-તલોદ જી-સાબરકાંઠા ને ગાયો ખરીદવા માટે ૨,૩૩,૦૦૦ આપેલ જે મુકેશભાઈએ પરત ન આપતા ભુપેન્દ્રભાઈ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી.મુકેશભાઈ બારોટ એ ફરિયાદીને જણાવ્યું હતું કે પંજાબ ગાયો ખરીદવા માટે જવાનું છે જેથી તમારી ગાયો પણ લેતો આવીશ જેથી ભૂપેન્દ્રભાઈ પટેલે પાંચ ગાયો ખરીદવા માટે ૨,૩૩,૦૦૦ રોકડા આપેલ ત્યારબાદ આરોપી પંજાબથી પરત આવી ગાયો ન આપી જતા ફરિયાદીએ પૈસાની ઉઘરાણી કરી હતી જેથી આરોપી એ જુદા જુદા વાયદા કર્યા હતા ત્યારબાદ ભૂપેન્દ્રભાઈ પટેલે રકમ પાછી માંગતાં આરોપીએ ૨,૩૩,૦૦૦ નો બેંક ઓફ બરોડાનો ચેક આપેલ અને ખાત્રી આપેલ કે તેમના ખાતામાં જમા કરાવ્યા પછી રકમ મળી જશે પરંતુ ભુપેન્દ્રભાઈ પટેલે ચેક બેંકમાં ક્લિયરિંગ માટે જમા કરાવતા આરોપીના ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી ચેક પરત થયેલ જેથી ભુપેન્દ્રભાઈ દ્વારા આરોપી ને નોટિસ મોકલાવતા કોઈ પણ જવાબ ન આપતાં તેઓએ આ અંગે ફરિયાદ કરી હતી આ અંગે ધનસુરા કોર્ટમાં કેસ ચાલેલ અને કોર્ટ દ્વારા આખરી હુકમ કરવામાં આવેલ કોર્ટ એ મુકેશભાઈ અમરતભાઈ બારોટ રહે પુંસરી ને ધી નેગો. ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ કલમ ૧૩૮ મુજબ ગુનામાં દોષિત ઠરાવીને છ માસની સાદી કેદની સજા તેમજ રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# ડીસા કોર્ટ દ્વારા નગરપાલિકાના અપક્ષ મહિલા સદસ્યનું મકાન સીલ

**૧૧વર્ષ થી સરદાર કો.ઓ.ક્રેડીટ સોસાયટી ના ૮.૮૦ લાખ ન ભરતાં કોર્ટ દ્વારા કાર્યવાહી**

ડીસા, તા. ૨૪

ડીસાની સરદાર મંડળીના બાકી લેણા મુદ્દે ડીસા નગરપાલિકા ના અપક્ષ મહિલા સદસ્ય ના મકાનને કોર્ટ દ્વારા મિલકત જપ્તી



કરી શીલ મારવાની કાર્યવાહી કરતાં ચકચાર મચી જવા પામી છે.

ડીસા શહેરમાં વર્ષો અગાઉ કાર્યરત ધી સરદાર કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. ડીસા નું કેટલાંક લોકોએ ધીરાણ મેળવી લેણાની રકમ ન ભરતાં સહકારી ક્રેડીટ સોસાયટી નું ઉઠમણું થયું હતું. જેમા ડીસા નગરપાલિકાના ના અપક્ષ મહિલા સદસ્ય ના પરીવાર દ્વારા પણ સરદાર સોસાયટીમાંથી લીધેલ લોન અંગે વારંવાર નોટિસ આપવામાં આવી હોવા છતાં બાકી રકમ ભરવામાં આવતી ન હતી. આથી ડીસાના બીજા એડીશનલ સિનિયર સિવિલ જજ ની કોર્ટ માં સ્પેશ્યલ દરખાસ્ત નં. ૩૨/૨૦૧૧ મુજબ તપાસ ચાલી રહી હતી. આ દરમિયાન વારંવાર બાકી રકમ ભરવા અંગે નોટીસ આપવા છતાં પૈસા ન ભરતાં ડીસા કોર્ટ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ડીસાના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજના આદેશ થી બેલીફ પી.એસ.વોરા, રાજેશકુમાર પટેલ (ફડચા અધિકારી) તેમજ જયેશભાઈ પરમાર પોલીસ સ્ટાફ સાથે ગુરૂવારે ડીસાની કૃષ્ણકુંજ સોસાયટી માં રહેતાં શ્રવણકુમાર મથુરદાસ કેલા (મહેશ્વરી) ના મકાનને મિલકત જપ્તી માટે કડક કાર્યવાહી કરી જંગમ મિલકત ને સીલ કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.ડીસા કોર્ટના બેલીફ પી.એસ.વોરા સહિતના અધિકારીઓ ગુરૂવારે મિલકત જપ્તી વોરંટ માટે ગયા હતાં. જે દરમ્યાન મધુબેન કેલા સહિતના સભ્યોએ મિલકત જપ્તી દરમિયાન બેલીફ સહિત ને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આથી બેલીફ પી.એસ.વોરા એ ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### કોની કોની સામે ફરીયાદ

(૧) ધવલ શ્રવણકુમાર કેલા

(૨)મધુબેન શ્રવણકુમાર કેલા (અપક્ષ સદસ્ય ડીસા નગરપાલિકા)

(૩) શ્રવણકુમાર મથુરદાસ કેલા (ત્રણેય રહે, કૃષ્ણકુંજ સોસાયટી, ડીસા)

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૧ વર્ષથી નોટીસ દ્વારા જાણ કરવા છતાં ૮.૮૦ લાખ રૂપિયા ન ભરતાં લેણદાર સામે કડક કાર્યવાહી કરવા માટે ડીસાના બીજા એડીશનલ સિનિયર સિવિલ જજ દ્વારા સ્પેશ્યલ બેલીફ તરીકે પી.એસ.વોરા ની નિમણુંક કરવામાં આવી હતી.

# ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં કોંગ્રેસના તાલુકા પંચાયત સદસ્યો ધરણા પર બેઠા

**૧૫ % વિવેકાધીન (આયોજન) ગ્રાન્ટની ફાળવણીમાં ઉભી થયેલી વિસંગતતાનું નિવારણ સંદર્ભે રામધુન અને ભજનની રમઝટ બોલાવી**

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે તાલુકા પંચાયત કચેરીના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ કોંગ્રેસના સદસ્યો ધરણા પર બેઠા રામધુન અને ભજનની રમઝટ બોલાવી હતી.




ભિલોડા તાલુકા પંચાયત,વિપક્ષના નેતા અનિલભાઈ હડુલા,સદસ્યો કાંતિલાલ ખરાડી, કાલીચરણ હોથા,જયેશભાઈ ઠાકોર સહિત કોંગ્રેસના સદસ્યોએ જણાવ્યું હતું કે ૧૫ % વિવેકાધીન (આયોજન) ગ્રાન્ટની ફાળવણીમાં વિસંગતતા નું નિવારણ સત્વરે કરવા સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને લેખિત અરજી આપી હતી.તાલુકા પંચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષ સ્થાને જણાવવામાં આવેલ હતું કે દરેક સદસ્યોના મત વિસ્તારમાં ત્રણ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે ત્યાર બાદ સદસ્યો પાસે વિસ્તારોમાં વિકાસ લક્ષી કામકાજની વિગતવાર માહિતી મંગાવી હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપના રાજમાં કોંગ્રેસના સદસ્યોના વિકાસ લક્ષી કામકાજ લીસ્ટ માંથી એકાએક ગાયબ થઈ ગયા છે. અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા કોન્ટ્રાક્ટરોના વિકાસ લક્ષી કામકાજનો સમાવેશ કરવામાં આવ્યો છે.કોંગ્રેસ સદસ્યોના વિકાસ લક્ષી કામકાજ રદ કરાતા તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.

ભિલોડા ધારાસભ્ય ડો.અનિલભાઈ જોષીયારા અને કોંગ્રેસના તાલુકા પંચાયત સદસ્યોએ તા.૦૮-૦૯-૨૦૨૧ ના રોજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર સ્વરૂપે લેખિતમાં રજૂઆત કરી હોવા છતા યોગ્ય રીતે નિરાકરણ આજ દિન સુધીમાં આવેલ નથી ? આજે કોંગ્રેસના સદસ્યોએ તાલુકા વિકાસ અધિકારી ને લેખિતમાં પત્ર પાઠવી અને ન્યાયિક રજુઆત કરીને ધરણા પર બેઠા છે.યોગ્ય નિરાકરણ લાવવા રજુઆતો કરાઈ છે.કોંગ્રેસના સદસ્યોએ તાલુકા પંચાયત કચેરીના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ જ રામધુન અને ભજનની રમઝટ બોલાવી હતી.

# શામળાજીથી ચિલોડા ધોરીમાર્ગનું ઝડપી કામકાજ હાથ ધરાય તેવી વાહન ચાલકોની બુલંદ માંગણી

ભિલોડા,તા.૨૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને મેધરજ તાલુકામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ઠેર ઠેર ધોરીમાર્ગો પર ભરાતા ધોરીમાર્ગો બિસ્માર હાલતમાં ફેરવાતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.વાહન ચાલકો ને મેઈન્ટેનન્સ ખર્ચ વધતા વાહન ચાલકોની આર્થિક કમર તુંટતી જાય છે.ખખડધજ ધોરીમાર્ગો પર વાહન ચાલકોને અકસ્માતની ભીતી સેવાઈ રહી છે.કમરતોડ ધોરીમાર્ગોનું સમારકામ સત્વરે કરાવવા ન્યાયિક રજુઆત કરાઈ છે. અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખ,રાજેન્દ્ર કાંતિલાલ પારધીએ પુર્ણેશભાઈ મોદી,કેબિનેટ મંત્રી,માર્ગ અને મકાન વિભાગ,ગુજરાત રાજ્ય ને લેખિતમાં પત્રમાં જણાવ્યું હતું કે ચોમાસા દરમ્યાન ધોરીમાર્ગો બિસ્માર હાલતમાં હોય સત્વરે સમારકામ કરાવવું , રીસરફેશ કરીને ધોરીમાર્ગો ની મરામત અંગેની રજુઆત કરાઈ છે.નવિન ધોરીમાર્ગો બનાવવાની માર્ગ અને મકાન વિભાગમાં રજુઆત કરેલ હોય તે ધોરીમાર્ગો સત્વરે મંજુર કરવા સંદર્ભે લેખિતમાં અનુરોધ કર્યો હતો.

# બાયડના સુંદરપુરામાં પારવાર ગંદકીથી પ્રજા ત્રાહીમામ

**જીવન નર્કાગાર બની ગયાનો ગ્રામજનોનો આક્રોશ**

મોડાસા, તા. ૨૪

બાયડ તાલુકાના સુંદરપુરામાં પારાવાર ગંદકીથી પરંતુ ભુગર્ભ ગટરના ઉભરાતાં પાણી, બાયડ પાલિકાના કોન્ટ્રાકટરની બેદરકારીથી પાણી રોડ ઉપર ફરી વળતાં ગ્રામજનો માંદગીમાં પટકાઈ પડવાની દહેશત ગ્રામજનોએ સેવી છે. ઉભરાતી ગટર અંગે બાયડ પાલિકામાં રજૂઆત કરવામાં આવે





રોગચાળો બેકાબુ બનવાની દહેશત છે. તાજેતરમાં ડેન્ગ્યુથી ગામના કિશોરનું મોત નિપજ્યા છતાં સફાઈ મુદ્દે તંત્ર વામણું દેખાય છે. ગ્રામજનોએ આક્રોશ ઠાલવ્યો કે પારાવાર દુર્ગંધ પ્રસરાવતાં ગંદા પાણીથી અમારું જીવન નર્કાગાર બની ગયું છે. બાયડ પાલિકા વિસ્તારમાં આવેલ યાત્રાધામ સુંદરપુરામાં કોરોના બેઅસર થયા પછી દર્શનાર્થીઓની સંખ્યા વધી છે. સુંદરપુરાની પ્રજા વાજ આવી ગઈ છે. છેલ્લા ૬ મહિનાથી કોન્ટ્રાકટરની મનમાનીના કારણે ભુગર્ભ ગટરો હવે રોગચાળાનું ઘર બની ગઈ છે. સુંદરપુરામાં ગંદા છે પણ કાયમી ઉકેલ લવાતો નથી. ત્રાસેલા ગ્રામજનો નિષ્ફળ કામગીરી માટે તંત્રને જવાબદાર ઠેરવે છે અને આ અંગે મુખ્યમંત્રીને ફરિયાદ કરવાનો નિર્ણય લીધો છે.

## મોડાસામાં ફૂટબોલ ખેલાડીઓ માટે આનંદ: જીનિયસ એકેડમીનો ટૂંક સમયમાં આરંભ

મોડાસા તા.૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા જીનિયસ એકેડમી રજીસ્ટ્રેશન ચાલુ થતાં ફૂટબોલ રમત સાથે સંકળાયેલ તેમજ રસ ધરાવતા ખેલાડીઓ માં ખુશીનો માહોલ જોવા મળ્યોહતો. રમત અને સ્પોર્ટ્સ શારીરિક ગતિવિધિ છે.




જે પ્રતિયોગી સ્વભાવના કૌશલ વિકાસમાં મદદ કરે છે. સામાન્ય રીતે બે કે વધુ સમુહ એક બીજા સાથે મનોરંજન કે ઈનામ પ્રાપ્ત કરવા માટે એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરે છે. મહિલાઓ અને પુરૂષો બંને માટે રમત ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે. કારણ કે આ એક વ્યક્તિની શારીરિક, માનસિક સ્વાસ્થ્ય, નાણાકીય સ્થિતિને પ્રોત્સાહિત કરે છે. આ નાગરિકોના ચરિત્ર અને સ્વસ્થ્યના નિર્માણ દ્વારા રાષ્ટ્રને મજબૂતી પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. રમત મનુષ્યના કાર્ય કરવાની રીતમા ગતિ અને સક્રિયતા લાવે છે. જેને ધ્યાને લાવી અમિતભાઈ ઉપાધ્યાય અને વિવેકભાઈ કોટવાલ દ્વારા મોડાસા જીનિયસ એકેડમીનો ટૂંક સમય માં ભવ્ય આરંભ કરવામાં આવશે.

# પ્રાંતિજ ખાતે ફલેટની સ્કીમને લઈને છેતરપિંડી થતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાહસ રેસીડન્સી નામની રહેણાંક ફેલટની સ્કીમ મુકીને ફેલટ આપવાનુ કહીને પૈસા લીધા બાદ પણ ફેલટ કે પૈસા પરત ના આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મહિલા દ્વારા ચારેય બિલ્ડરો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી.

**૭,૫૩૦૦૦ ચુકવી દીધા છતાંય ફેલટનો કબજો કે રકમ પરત ના આપતા ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ : મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે આઇપીસીકલમ ૪૦૬,૪૨૦,૧૨૦ બી મુજબ ગુનોનોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી...**

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા રહેતા શીતલબેન હિતેશ કુમાર કે જેવો એ આ કામના ચારેય આરોપીઓ સુનીલકુમાર મણીલાલ કડીયા, અલ્પેશકુમાર અમૃતલાલ મોદી, હરેશભાઈ ચીમનભાઈ બારોટ, ભાવેશભાઈ દેવશીભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ રેલ્વેસ્ટેશન પશુ દવાખાના ની સામે સાહસ રેસીડન્સી નામની રહેણાંક ફેલટ ની સ્કીમ મુકેલ હોવાનુ જણાવી ૨૦૧૦-૧૪ સુધીમા ફરીયાદી શીતલબેન પાસેથી અલગ અલગ રીતે કુલ-૭,૫૩,૦૦૦ રૂપિયા લઈ ને રજીસ્ટ્ર બાનાખત કરી આપવાનુ કહી ફેલટ નો કબજો સોપવાનુ કહી આજદિન સુધી ફરીયાદી શીતલબેન રહેણાંક ફ્લેટ તેમજ રોકેલ રકમ પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા શીતલબેન હિતેશકુમાર બારોટ. ઉ.વર્ષ ૩૮ , રહે. રેલ્વેસ્ટેશન કોર્ટની સામે પ્રાંતિજ , જિ. સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા સાહસ રેસીડન્સી નામની રહેણાંક ફેલટ ની સ્કીમ મુકનાર ચારેય આરોપીઓ સુનીલકુમાર મણીલાલ કડીયા રહે.૧૨ શાંતીનગર સોસાયટી સ્ટેશન રોડ પ્રાંતિજ, અલ્પેશ કુમાર અમૃતલાલ મોદી રહે.ધનશ્યામનગર સોસાયટી મકાન નં ૨૧/૨૨ પ્રાંતિજ, હરેશભાઈ ચીમનભાઈ બારોટ રહે. વદરાડ તા. પ્રાંતિજ, ભાવેશભાઈ દેવશી ભાઈ પટેલ રહે. રેલ્વે સ્ટેશન પાસે, પ્રાંતિજ વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦ બી મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.જે. ગોસ્વામી દ્વારા હાથ ધરવામા આવી છે.

## જન્મદિને વધામણી



લાલસિંહ ચૌહાણ
પ્રમુખ, અરવલ્લી જિલ્લા પંચાયત
મલાસા તા. ભિલોડા



ધનંજય શાંતિલાલ ભાટિયા
મોડાસા

**રક્તદાન મહાદાન**

## દખનેશ્વરમાં કૂવામાં પડી જતાં યુવકનું મોત : બાયડ તાલુકાનો બનાવ

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૨૪

બાયડ તાલુકાના દખનેશ્વર ગામના યુવાનનું કૂવામાં પડી જવાથી મોત નિપજતાં પરિવારમાં શોક છવાયો છે.બનાવ અંગે બાયડ પોલીસ એ.ડી. નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ દખનેશ્વર ગામનો નગીન રાવળ તા.૨૨ ના રોજ ઘરે થી નીકળી ગામના સીમાડામાં પસાર થઈ રહ્યો હતો જે દરમ્યાન નટુ ભાઈ પટેલ ના ખેતરના કૂવામાં અજાણતા પડી જતાં મોત નિપજ્યું છે.કૂવામાં યુવકનો મૃતદેહ જોવા મળતાં સીમાડામાં લોકટોળાં ઉમટી પડ્યા હતાં.જ્યારે યુવક ના મોત અંગે અનેક શંકા કુશંકા ઓ શરૂ થઈ છે.બનાવ અંગે બાયડ પોલીસે પરેશ શના ભાઈ રાવળની ખબર ના આધારે તપાસ શરૂ કરી છે.

## વિદ્યાર્થીઓ શાળામાં આવવાનું ભુલ્યા : જિલ્લાની શાળાઓમાં સરેરાશ ૪૦ થી ૫૦ ટકા વિદ્યાર્થી હાજરી

**બોર્ડના નબળા પરિણામની આશંકા વધી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૪

કોરોના સંક્રમણમાં ઘટાડા પછી ધોરણ-૯ થી ૧૨માં પ્રત્યક્ષ શિક્ષણ શાળાઓમાં શરૂ થયાના અઢી મહિના પછી પણ ગ્રામ્ય શાળાઓમાં માત્ર ૪૦થી ૫૦ ટકા વિદ્યાર્થી હાજરીથી આચાર્ય - વિષય શિક્ષકો વિસામણમાં મુક્યા છે. સળંગ ૧૮ મહિના ઘરે રહ્યા પછી વિદ્યાર્થીઓ શાળામાં આવવાનું ભૂલ્યા જેવી સ્થિતિ છે.

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાની શાળાઓમાં ગત ૧૫ જુલાઈથી પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું શરૂ થયું. તબક્કાવાર ધોરણ-૧૦, ૧૨ અને ધોરણ-૯ થી ૧૧ના વર્ગો એસ.ઓ.પી. આધારે સરકાર - શિક્ષણ વિભાગ દ્વારા છૂટ અપાયા પછી અનેક ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં હજુ પણ કોરોનાનો ભય હોય તે રીતે અસંખ્ય વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ માટે આવતા નથી અનેક શાળાઓના શિક્ષકો ગામડાં ખુદી વાલી સંપર્ક કરી વિદ્યાર્થીઓને શાળામાં મોકલવા સમજાવટ કરતા હોવા છતાં પણ શાળામાં અભ્યાસ માટે આવવાનું ટાળી રહ્યા છે. અત્યારે તો શાળાઓ - શિક્ષકોને ગરજ હોય તેવી સ્થિતિ અનેક વાલીઓએ લાવી દીધી છે. જિલ્લાની એક પણ શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ પછી કોરોનાના કેસ નોંધાયા નથી. છતાં અન્ય વિદ્યાર્થીઓમાં શાળાઓ આવવાનો ડર કેમ છે તે વર્ગ શિક્ષકોને સમજાતું નથી.